શ્રી હીરાણી માતાય નમ:　　　　ફો.નં.૦૨૭૪૨ ૨૯૧૬૧૦

# હીરાણી માતા સ્થાનક ટ્રસ્ટ

સ્થાનક: હીરાણી માતા ચોક, પથ્થર સડક,
પાલણપુર ૩૮૫૦૦૧ .(ઉ.ગુજરાત)
Email: hiranimehtaparivar2010@hotmail.Com ,

પ્રિય પરિવાર જનો,
જય જિનેન્દ્ર. જય માતાજી.

આપ સર્વના ક્ષેમ-કુશળ અને સર્વ મંગળ અર્થે માતાજીને અંતઃકરણથી પ્રાર્થના.
કેટલાક સમય બાદ આ પરિપત્ર મોકલતા આનંદ અનુભવું છું.

આપણો પરિવાર સંગઠિત રહે અને માતાજી પ્રત્યે વિશેષ શ્રદ્ધા અને ભક્તિ થાય તેવા પ્રયાસ અને યોજનાઓ, માતાજીની પ્રેરણા અને આશીર્વાદથી કરતા રહીએ છીએ.

પરિવારના નિર્ધારિત પ્રસંગોએ, ભાઈ-બહેનો સાથેના વિચાર વિનિમયની ફળશ્રુતિ રૂપે, લગ્ન બાદની પરંપરાથી ચાલી આવતી વિધિ અને તેના ગર્ભિત રહસ્યની જાણકારી અને તે માટે જોઈતી વસ્તુઓ સહેલાઈથી મળે અને તે વિધિ વધુ પ્રચલિત થાય તેમ કરવાનો વિચાર કર્યો છે.

આપણો પરિવાર, લગ્ન હિન્દુ વિધિ અનુસાર કરવા ઉપરાંત હીરાણી માતાજીની જેતી અને અને અન્ય પરંપરાગત વિધિ કરી માતાજીના આશીર્વાદ સાથે નવ-દંપતિ જીવનની શરૂઆત કરે છે.

ક્રમે, પરિવારમાં નવી પેઢીના અવતરણનો સમય આવે છે.
નવપલ્લવિત થતી પેઢીને માતાજીની પ્રત્યક્ષ અમોઘ શક્તિથી બાળક અને માતાને સુરક્ષા મળે અને માતાજી પ્રત્યેની ભક્તિ અને શ્રધ્ધા વધે તેવા શુભાશયથી વંશ પરંપરાની વિધિ સહેલાઈથી થઇ શકે તે માટે નીચે મુજબની યોજના કરી છે.
૧) સીમંતના પ્રસંગે બાંધવાની હીરાણી માતાજીની રાખડી.
૨) નવજાત બાળકના વાળ ઉતરાવવા જરૂરી નમણાનું પાણી.
૩) નવજાત બાળકના ગળામાં પહેરાવવા. માટે ચાંદીનું અગાસીયુ ( મોરયું)
આ ઉપરાંત, સર્વ પરિવારજન માટે માતાજીની રક્ષા-પોટલી બનાવી છે.
નોંધ:
૧) ઉપરોક્ત વસ્તુઓ, વિધિવત મંત્રોચ્ચારથી બનાવી છે.
૨) ઉપરોક્ત વસ્તુઓ, પરિવારના સર્વને માટે માતાજીના આશીર્વાદ રૂપે છે.
૩) મૂલ્ય : માતાજીની ભક્તિ અને શ્રધ્ધા.
અવસરે, જરુરીઆત પ્રમાણે સર્વ પરિવાર જનોને આ યોજનાનો શ્રદ્ધાપૂર્વક લાભ લેવા વિનંતિ.

હીરાણી માતા સ્થાનક ટ્રસ્ટ, વતી
દિનેશ મહેતા
(પ્રમુખ)

પ્રાપ્તિ સ્થાન :
હીરાણી માતા સ્થાનક ટ્રસ્ટ,
દિનેશભાઇ મહેતા,
૩૬, પૂરબ એપાર્ટમેન્ટ, ૧૩ મે માંળે,
૪૨, રીજ રોડ, જૈન મંદિરની સામે, મુંબઈ.૬
મોબાઈલ નં. ૯૮૨૦૦ ૩૪૨૪૫
સમય: સવારે ૯.૦૦ થી ૧૦.વાગે. સાંજે ૭.૦૦ થી ૮.૦૦ વાગે. <u>ફોન કરીને આવવા ખાસ વિનંતી.</u>